# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૨/૧૯-૨૦/૬૨૭૯–૫** **તા.૧૭–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૪/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ઠાકરશીભાઈ ગાંડુભાઈ કાકડિયા** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મેહતા પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ઠાકરશીભાઈ ગાંડુભાઈ કાકડિયા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૪/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ટેમ્પરરી વીજજોડાણ નં.–૩૪૫૧૩/૨૫૧૨૩/૯ ની ભરપાઈ કરેલ ડિપોઝીટ ની રકમ રૂ.૫,૮૧,૯૬૬/– રીફંડ મેળવવા માટે અરજદારે તા.૨૫–૦૪–૧૯ થી અરજી કરેલ છે. સદર બાબતે – કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝનના વીજ કનેક્શન નંબર-૩૪૫૧૩૨૫૧૨૩૯ એલટીએમડી ૧૦૦ કી.વો.ના કનેક્શન ના ડીપોઝીટ રીફંડ નો ચેક મેળવવા બાબતે ફરિયાદ કરેલ છે. અરજદાર દ્વારા તેઓનું થ્રી ફેઇઝ એલટીએમડી કનેક્શન કાયમી ધોરણે રદ કરવા વાવડી અર્બન સબડીવીઝન માં તા.૨૫.૪.૧૯ ના રોજ અરજી આપેલ જેનું ફાઈનલ બીલ તથા પીડીસી ચાર્જ તા.૩૦.૦૪.૧૯

થી ભરપાઈ થયેલ ત્યાર બાદ તા.૩.૫.૧૯ ના રોજ સબડીવીઝન દ્વારા મીટર સર્વિસ ઉતારી મીટર પેપર પેક કરી ગ્રાહક શ્રી ને લેબોરેટરી માં હાજર રહેવા જણાવેલ. સદર કનેક્શન થ્રી ફેઇઝ એલટીએમડી ૧૦૦ કી.વો નું હોય લેબોરેટરી માં નિયમાનુસાર અન્ય વિભાગીય કચેરી ના સક્ષમ અધિકારી ની હાજરી અનિવાર્ય હોય તેમની હાજરી માં તથા ગ્રાહક ના પ્રતિનિધિ ની હાજરી માં તા.૧૮.૭.૧૯ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને MRI રીપોર્ટ મેળવેલ. લેબ રીપોર્ટ તથા MRI રીપોર્ટ આવતા સબડીવીઝન દ્વારા રીફંડ ની પ્રપોઝલ તૈયાર કરી પત્ર નં.૫૯૮૯ તા.૨૫.૭.૧૯ થી વિભાગીય કચેરી ને મોકલવા માં આવેલ. ત્યારબાદ વિભાગીય કચેરી દ્વારા સદર કેસ ની ચકાસણી કરી પત્ર નં. ૪૫૪૯ તા.૯.૮.૧૯ થી શહેર વર્તુળ કચેરી માં મોકલવામાં આવેલ.

૩.૧ ઉપરોક્ત બાબતે સદર ડીપોઝીટ રીફંડ નો ચેક તા.૨૧.૦૮.૧૯ ના રોજ ચેક નંબર-૩૮૬૪૩૦ થી રૂ.૬૦૮૨૪૦.૦૦ તા. ૨૧.૦૮.૧૯ થી શહેર વર્તુળ કચેરી દ્વારા ઇસ્યુ કરેલ છે અને ગ્રાહક ની ફરિયાદ નું સુખદ સમાધાન કરી ગ્રાહક શ્રી ને વિભાગીય કચેરી ના પત્ર નં.૪૮૪૬ તા.૨૮.૮.૧૯ થી જાણ કરેલ છે.

૩.૨ ફોરમ કમિટી મીટીંગ તા.૧૧–૦૯–૧૯ ના રોજ – અરજદાર ને ટેલીફોનીક પુછપરછ કરતા – અરજદાર ને હવે સદર ફરીયાદ નુ નિરાકરણ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ હોય, જેથી સદર બાબતે કોઈ પ્રશ્ન કે રજુઆત કરવાની રહેતી નથી – તેમ જણાવેલ.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા તેઓનું થ્રી ફેઇઝ એલટીએમડી કનેક્શન કાયમી ધોરણે રદ કરવા અને રીફંડ મેળવવા વાવડી અર્બન સબડીવીઝન માં તા.૨૫.૪.૧૯ ના રોજ અરજી આપેલ. સદર બાબતે ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ડીપોઝીટ રીફંડ નો ચેક તા.૨૧.૦૮.૧૯ ના રોજ ચેક નંબર-૩૮૬૪૩૦ થી રૂ.૬૦૮૨૪૦.૦૦ તા. ૨૧.૦૮.૧૯ થી શહેર વર્તુળ કચેરી દ્વારા ઇસ્યુ કરેલ છે અને ગ્રાહક ની ફરિયાદ નું સુખદ સમાધાન કરી ગ્રાહક શ્રી ને વિભાગીય કચેરી ના પત્ર નં.૪૮૪૬ તા.૨૮.૮.૧૯ થી જાણ કરેલ છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય, આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, જેથી – અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે.

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ હુકમ કરવામા આવે છે. અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન